ડાયરેક્ટ ❤ સે
ભાગ્યને દોષ
શું આપવાનો ?
સપનાં આપણાં છે
પ્રયત્નો પણ
આપણા જ
હોવા જોઈએ

# જીઆઈપીએસ ખાતે પુસ્તક મેળો યોજાયો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૨૪થી ૨૬ ઑગષ્ટ દરમિયાન પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજ્ઞાન, ગણિત વિષયને લગતાં પુસ્તકો, મનોરંજનનાં પુસ્તકો, કોયડા ઉકેલ જેવાં વિવિધ પ્રકારનાં પુસ્તકો રાખવામાં આવ્યાં હતાં. બાળકોમાં વાચનનું મહત્ત્વ વધે તે હેતુસર આ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિ. સંલગ્ન બીએડ કૉલેજીસની બધી બેઠકો ભરાઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૫૦થી વધારે બી.એડ કોલેજોની ૨૭૫૦ જેટલી બેઠકો માટે કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. ચોથા રાઉન્ડના અંતે બી.એડની તમામ બેઠકો ફુલ થઈ ગઈ છે. પહેલી વખત બી.એડની એકપણ બેઠક ખાલી પડી નથી. સામાન્ય રીતે બી.એડ કોલેજોએ વિદ્યાર્થીઓ શોધવા જવું પડે તેવી સ્થિતિ ઊભી થતી હતી. પહેલી વખત દરખાસ્ત કરનારા પૈકી ૬ હજારથી વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ વંચિત રહેવુ પડયું છે.

બી.એડનો કોર્સ બે વર્ષનો થયા પછી છેલ્લા બે વર્ષથી કોલેજોને વિદ્યાર્થીઓ મેળવવામાં ભારે મુશ્કેલી નડતી હતી. કેટલીક કોલેજોએ રીતસર વિદ્યાર્થીઓ શોધવા જવું પડતું હતું. સૂત્રો કહે છે છેલ્લા એક વર્ષમાં ટેટ- અને ટાટના કારણે શરૂ થયેલી શિક્ષકોની ભરતીના લીધે અચાનક બી.એડમાં પ્રવેશ માટે ધસારો શરૂ થયો છે. આ ઉપરાંત ગ્રેજ્યુએશન કર્યા પછી નોકરીનો કોઈ તક ન હોવાથી વિદ્યાર્થીઓ બી.એડ. કરીને ટેટ આપીને નોકરી મળે તેવા પ્રયાસો કરી રહ્યા છે. જેના કારણે આ વખતે બી.એડની ૨૭૫૦ બેઠકો માટે અંદાજે નવ હજાર જેટલા ફોર્મ ભરાયા હતા. સામાન્ય રીતે અધર યુનિવર્સિટી અને બીજા રાજ્યના વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા પછી પણ બેઠકો ખાલી પડતી હતી.

# મહાનગરપાલિકા ઝોન કક્ષાની ઍથ્લેટિક્સમાં સૅ.૮ની આદર્શ નિવાસી કન્યા શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા ઝોન ડી કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા સોમવારે ચૌધરી ગર્લ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લઈ આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ની વિદ્યાર્થીનીઓએ વિવિધ રમતોમાં ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં.

અન્ડર-૧૭ વિભાગમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડમાં નિકીતાબેન રામાભાઈ સોલંકીએ પ્રથમ ક્રમ, રોશની પી વાઘેલાએ દ્વિતિય ક્રમ, ૫૦૦ મીટર દોડમાં રાધિકા એસ મકવાણાએ દ્વિતિય ક્રમ, માનસી બી તુરીએ ઊંચી કૂદમાં દ્વિતિય અને ચક્રફેંકમાં ત્રીજો ક્રમ તથા ઓપન વિભાગમાં ચંદ્રિકા પંચાલે ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, મિત્તલ એમ પરમારે ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય, ઊંચી કૂદમાં સુનિતા આર વેગડાએ પ્રથમ, જાહ્નવી બી રાઠોડે ગોળાફેંકમાં દ્વિતિય, બિન્દુ કે સોલંકીએ ૮૦૦ મીટર દોડમાં દ્વિતિય, મીનાક્ષી પી વાણિયાએ ચક્રફેંકમાં દ્વિતિય, નયના વી સોલંકીએ ૮૦૦ મીટર દોડમાં તૃતિય, દિપીકા વી સોલંકીએ બરછી ફેંકમાં તૃતિય અને ઊંચીકૂદમાં હર્ષા એ પાંડવે તૃતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. ઍથ્લેટિક્સ ઈવેન્ટ અંતર્ગત મોટાભાગની સ્પર્ધાઓમાં ઈનામો પ્રાપ્ત કરનારી શાળાની સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી આચાર્ય કુસુમબેન ચૌહાણ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ઍસપીટી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ વિષયે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨૯

ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી સંલગ્ન એસપીટી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા ખાતે માસ્ટર ઓફ આર્ટ્સના ઈતિહાસ વિષયના ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક વ્યાખ્યાન તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વાગત ઉદ્‌બોધન ઈતિહાસ વિભાગનાં વડા ડૉ. ધર્મિષ્ઠાબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, જેમાં ઈતિહાસની સાથોસાથ રાષ્ટ્રીય અને રાજ્ય અભિલેખાગાર, પ્રકાશનો, ઓરલ હિસ્ટ્રી પ્રોજેક્ટ, સંશોધનકારોને અપાતી સુવિધાઓ, માઈનોર હિન્ટ્સ બાબતે વિસ્તારપૂર્વક સમજૂતી આપવામાં આવી હતી. આ પ્રસંગે જૂનાં દેશી રાજ્યોના અપ્રાપ્ય દસ્તાવેજોનું સુંદર પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ વક્તા દ્વારા પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન ઈતિહાસ વિભાગના પ્રૉફેસર ડૉ. સુરેશભાઈ ચૌધરીએ રસાળ શૈલીમાં કર્યું હતું.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં માર્ગ સુરક્ષા અંગે સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં માર્ગ સુરક્ષા અંતર્ગત રસ્તા પર વાહન ચલાવતા વિદ્યાર્થીઓ સલામત રહી શકે તે હેતુસર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને ટ્રાફિકના વિવિધ નિયમો અને સંકેતોનું પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરટીઓ ગાંધીનગર અને કમિશનર કચેરીના તજ્જ્ઞ દિક્ષિતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરી સલામત જીવન જીવવાની શીખ આપી હતી.

# સૅ. ૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે ક્લસ્ટર કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૯

સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે ક્લસ્ટર કક્ષાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કુલ ૨૪ બાળ વૈજ્ઞાનિકો દ્વારા પાંચ વિભાગોમાં ૧૪ જેટલી કૃતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને નિહાળવા માટે શહેરની શાળાઓમાંથી ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો આવ્યા હતા. પ્રદર્શનમાં ભાગ લેનાર દરેક બાળ વૈજ્ઞાનિકને પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવ્યું હતું.

## 'પાણી બચાવો' વિષયે

# સરસ્વતી વિદ્યાલય ખાતે ચિત્ર અને નિબંધ સ્પર્ધા



સ્વામી વિવેકાનંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે 'પાણી બચાવો' વિષયે ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઉદયપુરના લક્ષ્યરાજસિંહ મેવાડ દ્વારા પાણી બચાવો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમના અનુયાયી કર્મજીતસિંહ વાઘેલા દ્વારા આ અભિયાનના ભાગરૂપે વિદ્યાલયમાં બંને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા, વૉર્ડ નં. ૭નાં નગરસેવક હિરલબેન જોષી અને રાકેશભાઈ પટેલ, શાળાના સંચાલક અને ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝા ખાતે આજથી ગાંધીકથા

## ગાંધી વિચારક અને પત્રકાર કુમાર પ્રશાંત વક્તા તરીકે ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૯

વિશ્વગ્રામ અને ઊંઝા કેળવણી મંડળ દ્વારા ગાંધીકથાનું આયોજન ૩૦ ઑગષ્ટથી ઊંઝા ખાતે કરવામાં આવ્યું છે.

બાલચંદભાઈ પટેલ, વસંતભાઈ પટેલ અને સંજય ભાવસાર દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે તા. ૩૦-૩૧ ઑગષ્ટ અને ૧ સપ્ટેમ્બર, બુધવારથી શુક્રવાર દરમિયાન શ્રી આઈ કે પટેલ શૈક્ષણિક સંકુલ (એરિસ ગૃપ), ગંજ બજાર સામે, ઊંઝા ખાતે સાંજે ૫.૩૦થી ૮ દરમિયાન ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રના સુખ્યાત ગાંધી વિચારક અને પત્રકાર કુમાર પ્રશાંત આ પ્રસંગે વક્તા તરીકે ઉપસ્થિત રહેશે. ગાંધી અને ભગતસિંહ, ગાંધી અને આંબેડકર તથા ગાંધી આજે વિષયો અન્વયે તેઓ આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીકથાનું રસપાન કરાવશે. પ્રથમ દિવસે વરિષ્ટ સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહેશે.

સૌ ગાંધીપ્રેમીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહી ગાંધીકથાનો લાભ લેવા આયોજકો દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્ટેટ ટેક્વોન ડોમાં ઍક્સેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૯

સનફ્લાવર સ્કૂલ, ઓઢવ, અમદાવાદ ખાતે સૅકન્ડ ઓપન સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશીપમાં કોચ અજય જાડેજાના માર્ગદર્શનમાં એક્સેલ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્કૂલના વિદ્યાર્થી યુગ પટેલને ગોલ્ડ મેડલ અને અભિષેક મિશ્રા તથા આર્યન પટેલે બ્રોન્ઝ મેડલ આ ચેમ્પિયનશીપમાં પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવાર તરફથી ત્રણેય વિદ્યાર્થીઓ અને કોચને બિરદાવી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સંબંધોમાં જડતા : સંબંધિત બંને માટે પીડાદાયક




vamlani@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

વ્યક્તિ ઘણીવાર એવા અનુમાનો સાથે સંબંધીઓ સાથે વર્તન કરતી હોય છે કે પોતાના મનમાં જે કઈ છે એ સંબંધિત વ્યક્તિ આપમેળે સમજી લેશે. વ્યક્તિ આવી માન્યતા સાથે જ કોઈપણ પ્રકારની સ્પષ્ટતા કે વાતનો ફોડ પડ્યા વિના ગોળગોળ વાતો કરતી હોય છે, ના સમજાય એવું વર્તન કરતી હોય છે અને ઉપરથી સામેની વ્યક્તિ પોતાને સમજી શકતી નથી એવી ફરિયાદો કરતી હોય છે. પોતાની વાત સંબંધિત વ્યક્તિ આપમેળે સમજી લેશે આવી માન્યતા સાથેના વાણી, વર્તન અને વ્યવહારો હંમેશા અસ્પષ્ટ જ રહે છે તેને કારણે સંબંધો પણ અસ્પષ્ટ રહી જતાં હોય છે.

એક ખૂબ જ પ્રેમાળ વ્યક્તિ. તેનું મિત્ર વર્તુળ પણ ખૂબ જ પહોળું અને બહોળું. મિત્રો સાથે હળવા-મળવાના, મિત્રવર્તુળની મિજબાનીઓના કાર્યક્રમોના આયોજનો કરવામાં પણ એ વ્યક્તિ આગળ પડતી અને માહિર. એ વ્યક્તિને ક્યારેક ધૂન ચડે તો અણધાર્યા, તાત્કાલિક આયોજન કરી નાખે, એ પણ મોટાભાના મિત્રોને વિશ્વાસમાં લીધા વિના. આમ થવાને કારણે જે મિત્રોના પૂર્વનિર્ધારિત કાર્યક્રમો હોય તેઓ સામેલ ના થઈ શકે. જે મિત્રો આયોજનમાં સામેલ ના થઈ શકે એના ઉપર એ વ્યક્તિ ગુસ્સે થાય, તેના ઉપર પછતાળ પાડે, તેનાથી નારાજ થાય અને આયોજનમાં સામેલ થવા માટે હઠાગ્રહ પણ કરે. આમ થવાને કારણે ઘણા મિત્રો એ વ્યક્તિના આયોજનોમાંથી ધીમે ધીમે ખસી ગયા અને કેટલાક મિત્રો તો એ વ્યક્તિથી પણ દૂર થઈ ગયા. અન્ય સંબંધીઓને વિશ્વાસમાં લીધા વિના આયોજનો કરવા અને પછી હઠાગ્રહ પણ કરવો એ એક પ્રકારની જડતા નહીં તો બીજું શું?

સંબંધની બાબતમાં જે વ્યક્તિ જડ વલણ નથી ધરાવતી તેની ભાવના હંમેશા 'જતું કરવાની' હોય છે. કોઈ વ્યક્તિની ભૂલ થઈ જાય, જાણતા કે અજાણતા કઈ ખોટું થઈ જાય, તો વ્યક્તિ તેને 'ગણીને ગાંઠે બંધવાને' બદલે 'હશે', 'જવા દો' જેવો અભિગમ રાખીને 'વાતનું વતેસર' નથી કરતી પણ એ વાત ઉપર ત્યાં જ પૂર્ણવિરામ મૂકી દે છે. આ પ્રકારના વલણથી ભૂલ કરનાર વ્યક્તિનું તો ગૌરવ જળવાય છે સાથે સાથે જતું કરનાર વ્યક્તિ પોતે પણ ગૌરવન્વિત બને છે.

મારા એક બીજા મિત્ર. સમાજમાં એનું સારું એવું નામ, મોભો અને આબરૂ. એ મિત્ર હંમેશા એવું જ માને કે પોતે જ સાચા, પોતાની વાત જ સાચી, પોતાનો કક્કો જ ખરો. કોઈ વાત, વિચાર કે વાદ ઉપર ચર્ચા-વિચારણા થાય તો એ મિત્ર કોઈપણ ભોગે પોતાની વાતને જ સાચી ઠેરવીને ઝંપે. પોતાની વાતને સાચી ઠેરવવા સાચી-ખોટી દલીલો કરે, એવી ઉગ્ર ચર્ચા કરે કે સામેની વ્યક્તિ થકી જાય અને છેવટે હારીને વિવાદ કરવાનું ટાળી દે. એ મિત્રના આ પ્રકારના જડ વલણને કારણે અન્ય કોઈ વ્યક્તિ તેની ચર્ચા-વિચારણા કે વાદ-વિવાદ કરવાનું હંમેશા ટાળે. એ વ્યક્તિના એ પ્રકારના સ્વભાવને કારણે કોઈ તેને સાચી સલાહ પણ ના આપે, એ વ્યક્તિ ખોટા રસ્તે જતી જતી હોય તો કોઈ તેને રોકવાનો પણ પ્રયત્ન ના કરે. પરિણામે એ મિત્રને ઘણા મોટા નુકશાન વેઠતાં જોયા છે. એ નુકશાન માત્ર આર્થિક જ નહીં પણ સામાજીક અને સંબંધોના પણ. 'હું એક જ સાચો' એવું જડ વલણ વ્યક્તિને ગમે ત્યારે, ગમે એટલા ઊંડા ખાડામાં નાંખી શકે છે. એકવાર ખાડામાં પડ્યા પછી એમાથી બહાર આવવું ક્યારેક મુશ્કેલ તો ક્યારેક અશક્ય બની જાય છે. મોટું નુકશાન વેઠયા પછી કે ઊંડા ખાડામાં ઉતાર્યા પછી વ્યક્તિને જો પસ્તાવો થાય કે પોતાનું વલણ પણ બદલવા તૈયાર થાય તો પણ થઈ ગયેલું નુકશાન ભરપાઈ થઈ શકતું નથી. આમ થાય છે પછી ક્યારેક વ્યક્તિ વધારે જડ બની જાય છે.

સંબંધોમાં જડ વલણ ધરાવતી વ્યક્તિ ઘણીવાર એવું માનતી હોય છે કે પોતાના એ પ્રકારના વલણને કારણે પોતાની હંમેશા જીત જ થાય છે, પોતે હંમેશા ફાયદામાં જ રહે છે, પોતે હંમેશા ઈચ્છિત પરિણામો જ હાંસલ કરે છે. આવી માન્યતા એક ભ્રમ સિવાય કશું જ નથી. કદાચ વ્યક્તિને ટૂંકા ગાળાના કેટલાક ફાયદા થતાં હશે, પણ લાંબે ગાળે તો વ્યક્તિને મોટું નુકશાન જ વેઠવું પડતું હોય છે. ક્યારેક વ્યક્તિ એ નુકશાનથી પોતે જ અજાણ રહી જાય છે. લાંબા ગાળે વ્યક્તિને વેઠવું પડતું એ નુકશાન ક્યારેક ના સહી શકાય અને ના કહી શકાય એવું હોય છે.

કેટલીક વ્યક્તિઓ બહુ જ લાગણીશીલ હોય છે. તેઓનું વર્તન મોટેભાગે કુમાશભર્યું, વિનમ્ર, સંબંધોમાં બાંધછોડ કરનારું હોય છે. આવી વ્યક્તિઓ ક્યારેક, કોઈક સંબંધોમાં જડતાભર્યું વર્તન કરતી હોય છે. ક્યારેક તો પોતે જડતાભર્યું વર્તન જાણીજોઈને કરતી હોય છે. પોતે પણ જાણતી હોય છે કે પોતાના જડ વર્તનથી સંબંધિત વ્યક્તિને દુખ થશે છતાં એવું વર્તન કરતી હોય છે. આમ કરવા પાછળનું મનોવૈજ્ઞાનીક કારણ સામેની વ્યક્તિના પ્રેમ અને સ્નેહની ચરમસીમા પામવા અથવા તો સામેની વ્યક્તિ પોતાના જડ વર્તનથી તરફડે, ઝૂરે, પીડા અનુભવે તેની મજા લેવા પણ આવું વર્તન કરતી હોય છે. વ્યક્તિનું આ પ્રકારનું જડ વલણ લાંબા સમયે બંનેને એકબીજાથી એકદમ દૂર લઈ જાય છે.

વ્યક્તિની અંદર પડેલા કેટલાક સંસ્કારો કે વ્યક્તિગત મૂલ્યો જન્મજાત હોય છે અને કેટલાક મૂલ્યોનું કુટુંબ, સમાજ, અને શિક્ષણ દ્વારા સંસ્કરણ થયેલું હોય છે. સંબંધોમાં જ્યારે વ્યક્તિગત મૂલ્યોનું જતન કરવાની વાત આવે ત્યારે વ્યક્તિ જડ બનીને પણ પોતાના મૂલ્યોને પ્રાથમિકતા આપે તો એ વલણને જડ ના કહી શકાય કારણ કે માણસ માટે વ્યક્તિગત મૂલ્યોથી વિશેષ બીજું કઈ જ ના હોય શકે.

સંબંધોમાં વ્યક્તિનું જડ વલણ સંબંધિત દરેક વ્યક્તિને વધતે-ઓછે અંશે, દુખ આપે છે, વેદના આપે છે. જડ વર્તન પાછળના કોઈપણ સામાજીક કે મનોવૈજ્ઞાનીક કારણો હોય, પણ અંતે તો એ સંબંધોમાં વિસંવાદીતતા જ સર્જે છે જે બંને માટે પીડાદાયક બને છે.

સંબંધોમાં નરમાશ, કુમાશ, વિનમ્રતા, બાંધછોડ જેવા ગુણો વિકસાવવા અને અમલમાં મૂકવા એ એક આગવી કળા છે, એક કુશળતા છે. એ કળા કે કુશળતા દરેક વ્યક્તિ ધારે તો હસ્તગત કરી શકે છે. શરત માત્ર એટલી કે વ્યક્તિની ઈચ્છાશક્તિ પ્રબળ હોવી જોઈએ અને તેના માટે સતત જાગૃત રહીને સતત પ્રયત્નશીલ રહેવું પડે. જે વ્યક્તિ નરમાશ, કુમાશ, જેવા ગુણો કેળવી શકે તે વ્યક્તિ પોતાની જાતને જડતામાંથી મુક્ત કરી શકે.

સંબંધોમાં જડતાભર્યું વર્તન કરવાને બદલે બાંધછોડ કરવી, કુમાશભર્યું વર્તન કરવું, જતું કરવાની ભાવના રાખવી, ટૂંકા ગાળાનું થોડું નુકશાન વેઠીને પણ સંબંધોને નિભાવવા એ વ્યક્તિની નબળાઈ નથી, વ્યક્તિની હાર નથી બલ્કે એક તાકાત છે એક મોટી જીત છે.






(૧) ૨૦૧૭ વિશ્વ બૅડમિન્ટન ચૅમ્પિયનશીપમાં સિલ્વર મૅડલ કયા ખેલાડીએ જીત્યો હતો ?
(એ) પી વી સિંધૂ
(બી) સાઈના નહેવાલ
(સી) જ્વાલા ગટ્ટા
(ડી) અશ્વિની બોપના

(૨) વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે કયા શહેરમાં પ્રથમ વિદેશ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?
(એ) દિલ્હી (બી) મુંબઈ
(સી) ચેન્નઈ (ડી) જયપુર

(૩) તાજેતરમાં નિધન પામનાર અહમદ ખાન કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
(એ) હોકી (બી) ક્રિકેટ
(સી) ફૂટબૉલ (ડી) વૉલીબૉલ

(૪) તાજેતરમાં આઈઆઈટી બૉમ્બે અને ઈન્દોરના સંશોધનકારોએ સંયુક્તરૂપે શરીરના કયા અંગના વિકારની તપાસ માટે બાયોસૅન્સરનો વિકાસ કર્યો છે ?
(એ) હૃદય (બી) લિવર
(સી) ફેફસાં (ડી) કિડની

(૫) ૨૦૧૭ના ચાલુ વર્ષના પ્રથમ ત્રણ માસમાં ભારતના વિદેશી મૂડી રોકાણમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(એ) ૩૭ ટકા (બી) ૩૮ ટકા
(સી) ૩૯ ટકા (ડી) ૪૦ ટકા

(૬) ૨૦૦૧૭માં ઉબર કંપનીના નવા સીઈઓ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) લેરી પિંક (બી) મેરી બાબરા
(સી) દારા ખોસરો શાહી (ડી) જીમી વોટસન

(૭) ૨૦૧૭માં ભારતનું પ્રથમ માઈક્રો જંગલ કયા સ્થળે બનાવવામાં આવશે ?
(એ) ચંદીગઢ (બી) અગરતલા
(સી) રાયપુર (ડી) કોચી

(૮) ૨૦૧૭માં પંચકુલા સીબીઆઈ કોર્ટે બળાત્કારી રામરહિમને કેટલા વર્ષની સજા ફટકારી છે ?
(એ) ૧૦ વર્ષ (બી) ૨૦ વર્ષ
(સી) ૧૫ વર્ષ (ડી) ૫ વર્ષ

(૯) ૨૦૧૭માં ફૂટબૉલ માટેનો યુઈએફએ પ્લેયર ઑફ ધ યર ઍવોર્ડ કયા ફૂટબૉલ ખેલાડીએ જીત્યો હતો ?
(એ) લિયોનેલ મેસ્સી (બી) જિદાન
(સી) કાર્લોસટીન (ડી) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

(૧૦) ૨૦૧૭માં ગાંધી જયંતિ અગાઉ પ્રધાનમંત્રીએ દેશભરમાં કઈ મુહિમ શરૂ કરવા આહ્વાન કર્યું છે ?
(એ) સ્વચ્છતા હી સેવા (બી) સ્વચ્છતા પ્રભુતા મૈત્રી
(સી) સ્વચ્છતા કા મંત્ર સેવા (ડી) સ્વાસ્થ્ય કે લિયે સ્વચ્છતા